ડીસા સહિત જિલ્લાના હવામાનમાં ફરી પલટો

રણ વિસ્તાર ધરાવતા બનાસકાંઠા જિલ્લામાં શિયાળાના આરંભ સાથે કાતિલ ઠંડીનું મોજું ફરી વળ્યું હતું. ઉત્તરમાંથી ઠંડો પવન ફૂંકાતા હાડ ધ્રુજવતી ઠંડી પડી હતી. પરંતુ એ પછી હવામાન પલટાતા ઠંડીમાં ઘટાડો નોંધાયો હતો. ત્યારબાદ ફરી એકવાર મોસમે મિજાજ બદલતા મંગળવારે આકાશમાં ઘટાટોપ વાદળા છવાયા હતા. તેથી કમોસમી માવઠાની દહેશતથી ખેડૂતોના જીવ પડીકે બંધાયા હતા. કારણ હાલમાં કાતિલ ઠંડીના પગલે શિયાળુ વાવેતર ખીલી ઉઠ્યું છે. ત્યાં માવઠું થાય તો પાકોને વ્યાપક નુકસાન થાય તેમ છે. એટલું જ નહીં વાદળા વિખેરાતાં ઠંડીનું જોર પણ વધવાની પૂરેપૂરી શકયતા છે.

ગુજરાતમાં કોરોનાના નવા ૯૮૮ કેસ : સાતના મોત

રાજ્યમાં હજુ પણ ૬૪ લોકો વેન્ટીલેટર પર : અત્યાર સુધીમાં કુલ ૯૧૬૨૯૮૦ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૨૧૬૦૨ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૨૨

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે કેસોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા છે. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો. જો કે રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. આજે ૬૧ દિવસ જેટલા લાંબા સમય બાદ કોરોના પોઝિટિવનો આંકડો ૧૦૦૦ની નીચે આવ્યો છે.

આજે રાજ્યમાં નવા ૯૮૮ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૨૦૯ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨૨૧૬૦૨ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૩.૧૦ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવો સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૪૮૫૭ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૩૯.૮૦ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૯૧૬૨૯૮૦ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫૦૫૬૭૪ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫૦૫૫૫૮ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૧૬ વ્યકિતને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૧૩૯૭ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૬૪ છે. જ્યારે ૧૧,૩૩૩ લોકો સ્ટેબલ છે. ૨૨૧૬૦૨ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૨૪૮ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૭ લોકોનાં મોત નિપજયાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશન ૫, સુરત કોર્પોરેશન ૧, બોટાદમાં ૧ દર્દી સહિત કુલ ૭ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

મોતનો સીસીટીવી વિડીયો વાયરલ

... જુઓ કઈ રીતે પપ્પાને બર્થડે વિશ કરવા આવેલી ગર્ભવતી યુવતી પર કન્ટેનરના ટાયર ફરી વળ્યાં, પતિનો આબાદ બચાવ

સોમવારે સવારે મોડાસા સહયોગ બાયપાસ ચોકડી પર એક્ટિવા પર પસાર થઈ રહેલ નવદંપતીને ટ્રક-કન્ટેનરે અડફેટે લેતા ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. એક્ટિવા પાછળ બેઠેલ યુવતીના શરીર પર ટ્રક કન્ટેનરના ભારે ભરખમ ટાયર ફરી વળતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું જયારે એક્ટિવા ચાલક પતિનો આબાદ બચાવ થયો હતો. આ ગમખ્વાર અકસ્માત સીસીટીવી કેમેરામાં કેદ થતા મોતના દ્રશ્યો જે રીતે કેમેરામાં કેદ થયા છે. આ દ્રશ્યો જોઈ લોકોના રુંવાડા ઉભા થઈ ગયા છે હાલ અકસ્માતના સીસીટીવી કેમેરા વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા લોકોમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

બાલાસિનોરથી કૃપા પાર્થ ભાવસાર તેના પતિ સાથે મોડાસા રહેતા તેના પિતા સુમનભાઈ એમ. ભાવસારનો જન્મ દિવસ હોવાથી દંપતી બર્થડે વિશ કરવા રવિવારે આવ્યું હતું.

સોમવારે બર્થડેના દિવસે પિતાને બર્થડેની ઉજવણી માટે હોટલમાંથી ફૂડ લઈ એક્ટિવા પર પરત ફરતા સમયે સહયોગ ચોકડી નજીક દંપતીનું એક્ટિવાને ટ્રક-કન્ટેનરે અડફેટે લેતા કૃપા ભાવસાર ટ્રક-કન્ટેનરના ટાયર નીચે આવી જતા કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને ઘટનાસ્થળે જ કૃપા ભાવસાર નામની યુવતીનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજતા નવ દંપતિ નંદવાયું હતું , યુવતીના પતિને સામાન્ય ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો.

બદલી માટે શિક્ષકોની પાસેથી રૂપિયા લેવાતા હોવાનો આક્ષેપ

ગાંધીનગર, તા. ૨૨

પોતાના હોમટાઉનથી દૂર રહી નોકરી કરતા શિક્ષકો નજીકના સ્થળો પર નોકરી કરી શકે તે માટે સરકાર દ્વારા અવારનવાર બદલી કેમ્પ યોજવામાં આવે છે. જોકે, ખરેખર તો બદલી કરાવવા ઈચ્છતા લોકો પાસેથી બેથી પાંચ લાખ રુપિયા પડાવવામાં આવે છે તેવો ચોંકાવનારો આક્ષેપ મહેસાણાની ગલુદણ પ્રાથમિક શાળાના એક શિક્ષક દ્વારા કરાયો છે, અને આ અંગે શિક્ષણમંત્રી તેમજ શિક્ષણ વિભાગના સચિવને લેખિત ફરિયાદ કરાતા તંત્ર દોડતું થઈ ગયું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, શિક્ષક દ્વારા અપાયેલી લેખિત ફરિયાદમાં ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા શિક્ષકો પાસેથી બદલી કરાવવા માટે રુપિયા લેવાતા હોવાના આક્ષેપ કરાયા છે. એટલું જ નહીં, અરજદારે તો ત્યાં સુધી દાવો કર્યો છે કે આ હપ્તા ઉપર સુધી પહોંચાડાય છે, જેના કારણે ઉચ્ચ અધિકારીઓ પણ તેમની સામે કોઈ પગલાં લેતા નથી. આ ઉપરાંત, આ અધિકારી પાસે બેનામી સંપત્તિ હોવાના પણ આક્ષેપ કરાયા છે.

જે શિક્ષકો બદલી કરાવવા માગે છે તેમની યાદી માત્ર બતાવવા માટે જ વેબસાઈટ પર મૂકાય છે, અને અલગ-અલગ કેડરની બદલીઓની યાદી પણ પારદર્શક રીતે તારવવામાં નથી આવતી. જે શિક્ષક બેથી પાંચ લાખ રુપિયાનો વહીવટ કરી શકે તેને જ તેના પસંગદીના સ્થળ પર મૂકી આપવામાં આવે છે. વળી, સિનિયોરિટીની અવગણના કરીને બદલીના હુકમો કરાય છે તેવો આક્ષેપ પણ લેખિત ફરિયાદ કરનારા શિક્ષકે કર્યો છે.

કમિશનરના વલણ અંગે કોંગી કાઉન્સીલર આગ બબુલા બન્યા !

મેયરને જીપીએમસી એક્ટની જોગવાઈ અંતર્ગત હોદ્દા પરથી દૂર કરવા પણ માંગ કરી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગરપાલિકાના તંત્ર દ્વારા કાઉન્સીલરના પત્રનો જ પ્રત્યુત્તર ન મળતાં રોષે ભરાયેલા કોંગી કાઉન્સીલર પિન્કીબેન પટેલે આજે વધુ એક પત્ર કમિશનરને પાઠવી જણાવ્યુ છે કે મારા વિસ્તારને લગતી બાબતમાં જ તંત્ર પ્રત્યુત્તર ન આપે એ દુઃખદ છે.

તેમણે કમિશનરને પાઠવેલા પત્રમાં એવો ગંભીર આક્ષેપ કર્યો છે કે તમે ભાજપના કાર્યકર્તા તરીકે વર્તન કરતા હો તેવુ લાગે છે જે દુઃખદ છે.

શ્રીમતિ પટેલે તેમના આ પત્રમાં સે. ૧૧ માં આવેલા વાણિજ્યક એકમોમાં ગેરકાયદેસર બાંધકામ અંગે ૨૨-૩-૨૦ના રોજ સ્થાયી સમિતિએ આપને આપેલ સૂચનાને પણ ઘોળી પી જઈ આપખુદશાહીભર્યુ વલણ અખત્યાર કરી રહ્યા છો.

તેમણે સ્કાયલાઈનના નામના બિલ્ડીંગમાં રિવાઈઝડ વિકાસ પરવાનગી તત્કાલીન કમિશનર ડી.એન. મોદીએ રદ કરી હતી તેને રિવાઈઝડ વિકાસ મંજૂરી વગર જ બાંધકામ થયેલ બિલ્ડીંગને બી.યુ. પરમિશન ના મંજૂર કરી નોટીસ આપવા માંગ કરી છે. આ મુદ્દે જો કોઈ પગલાં નહિ લેવાય તો ના છૂટકે કોર્ટના દ્વાર ખટ ખટાવી આપને નોટીસ મોકલશુ તેની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે.

શ્રીમતિ પટેલે મેયરને પણ જી.પી.એમ.સી. એક્ટની કલમ-૧૩ મુજબ હોદ્દા પરથી દૂર કરવા માટે પણ અલગ પત્રથી માંગ કરતાં શહેરના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે આ વિવાદ વધુ રાજકીય રંગ પકડાશે તેમ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

જિલ્લા કોંગ્રેસ દ્વારા આજે યોજાયેલ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ સંદર્ભે અર્જુનભાઈ મોઢવાડિયાએ ત્રણ કાળા કાનૂન વિષે પત્રકાર પરિસદમાં વિસ્તૃત માહિતી આપી કેન્દ્ર સરકારના ઘમંડી રવૈયાની ટીકા કરી આ કાયદાઓ પાછા ખેચી સમગ્ર દેશના ખેડૂતોની માંગણી સ્વીકારવા માટે ભારપૂર્વક વાત કરી હતી. વધુમાં તેમણે જણાવ્યુ હતું કે આવા ખેડૂત અને જનવિરોધી કાયદાઓથી ફક્ત ઉદ્યોગપતિઓ અને મૂડીપતિઓને જ ફાયદો થશે. આ કાર્યક્રમમાં મહામંત્રી નિક્ષિતભાઈ વ્યાસ, શહેર પ્રમુખ ડોક્ટર કૌશીકભાઈ શાહ, પૂર્વ ધારાસભ્ય બાબુસિંહ ઠાકોર, કામિનીબા રાઠોડ, વિરોધ પક્ષના નેતા શેલેન્દ્રસિંહ બીહોલા, ગાંધીનગર તાલુકા પંચાયત પ્રમુખ ગોપાલજી ઠાકોર, તાલુકા કોંગ્રેસ સમિતીના પ્રમુખો સર્વ ગીરવતસિંહ, પ્રવિણસિંહ ઠાકોર, રશ્મિજી ઠાકોર, નંદુભાઈ અમિન, બાબુસિંહ ઝાલા, જગતસિંહ ચૌહાણ, અરવિંદસિંહ સોલંકી, એલ.એન. પરમાર, કાંતિજી ઠાકોર, ભૂપેન્દ્રસિંહ રાઠોડ, નરેશકુમાર ઠાકોર, ભાવિનસિંહ ઠાકોર, મનોજભાઈ અમિન, ચુટાયેલા જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો તથા સંગઠનના વરિષ્ઠ આગેવાનો-કાર્યાલયો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

મેઘરજ પોલીસે ટેમ્પોના ગુપ્ત ખાનામાંથી

એક લાખનો અને બાયડ પોલીસે રડોદરા ગામે ઘરમાંથી ૫૪ બોટલ દારૂ ઝડપ્યો

પેરોલ ફર્લોએ સગીરાનું અપહરણ કરનારને દબોચ્યો

મેઘરજ, તા. ૨૨

અરવલ્લી જીલ્લાના હાઈવે અને અંતરિયાળ વિસ્તારમાંથી બુટલેગરો વિદેશી દારૂ રાજ્યમાં ઠાલવવા નિતનવા નુસ્ખા અપનાવી રહ્યા છે. જીલ્લા પોલીસતંત્ર બુટલેગરોના કીમિયાને નિષ્ફળ બનાવી બનાવી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઝડપી રહી છે. જીલ્લા પોલીસવડા સંજય ખરાત બુટલેગરો સાથે સાંઠગાંઠ ધરાવતા કમર્ચારીઓ સામે સસ્પેન્શનનો કોયડો વીંઝતા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે.

મેઘરજ પીએસઆઈ એન.એમ. સોલંકી અને તેમની ટીમે ઢેકુંડી ગામની સીમમાં રાજસ્થાનથી પંચાલ તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યું હતું. પૂરઝડપે પસાર થતા લોડિંગ ટેમ્પાને અટકાવી તલાસી લેતા ટેમ્પાની બોડીના ભાગે લોંખડની ચાદર ઢાંકી બનાવેલ ગુપ્ત ખાનની અંદર ઠસોઠસ વિદેશી દારૂ ભરેલો જોવા મળતા ગુપ્ત ખાનામાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૨૦૧ કીં. રૂ. ૧૦૦૫૦૦ જપ્ત કરી રાજસ્થાનના ઓમપ્રકાશ અમરચંદ ડાંગી અને તુલસીરામ માંગીરામ ડાંગીની ધરપકડ કરી ટેમ્પો, મોબાઈલ અને વિદેશી દારૂ મળી કુલ રૂ. ૪૧૦૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી લોડીંગ ટેમ્પોમાં દારૂ ભરી આપનાર પિન્ટુ નામના બુટલેગર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા તેમજ હીરોહોન્ડા બાઈક પર વિદેશી દારૂ ભરી આવી રહેલા શીકારીના ભરત શંકર રહેણાંતને દબોચી ૮ બોટલ જપ્ત કરી હતી. મેઘરજની લિસ્ટેડ મહિલા બુટલેગર મધુ ભોલાજી પાંડોરના ઘરેથી ૩૫ લીટર દેશી દારૂનો જથ્થો જપ્ત કરી ફરાર મધુને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

બાયડ પીઆઈ એન.જી. ગોહિલને રડોદરા ગામે એક બુટલેગર દંપતી ઘરમાં જ વિદેશી દારૂનો વેપલો કરી રહ્યા હોવાની બાતમી મળતા તેમની ટીમ સાથે રડોદરા ગામે ત્રાટકી લક્ષ્મી ગોવિંદ વાઘરી અને ગોવિંદ પુના વાઘરીના ઘરમાંથી વિદેશી દારૂ, બીયર, દેશી મદીરા બોટલ નંગ-૫૪ કીં. રૂ. ૩૬૫૫૦નો જથ્થો જપ્ત કર્યો હતો બુટલેગર દંપતીના બાતમીદારો બાયડ પીઆઈ એન.જી. ગોહીલના બાતમીદારો કરતા વધુ સક્રીય હોવાથી રેડ કરે તે પહેલા ઘર છોડી છું થઈ જતા બાયડ પોલીસે દંપતી બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

શાંતિપ્રિય ગુજરાતમાં ક્રાઈમ રેટ ખૂબ ઓછો : પ્રદિપસિંહ

રાજ્ય સરકારે ૭ વર્ષમાં ૪૯,૦૦૦થી વધુ પોલીસકર્મીની ભરતી કરી : આગામી વર્ષે વધુ ૧૩,૦૦૦ ભરતી કરાશે

ગાંધીનગર, તા. ૨૨

ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વવાળી ગુજરાત સરકારે કાયદાથી પ્રસ્થાપિત રાજ્યમાં લોકો શાંતિ-સલામતીનો અહેસાસ કરે એ માટે અમે પુરૂષાર્થના સામર્થ્ય થકી આગળ વધી રહ્યા છીએ. નાગરિકોની સલામતી અને સુરક્ષા એ જ અમારો નિર્ધાર છે. રાજ્ય સરકારના હકારાત્મક અભિગમ અને પુરૂષાર્થના પરિણામે આજે ગુજરાતમાં ક્રાઇમ રેટ અન્ય રાજ્યો કરતા ઓછો જોવા મળી રહ્યો છે.

આજે ગાંધીનગર ખાતે પોલીસ હાઉસીંગ, બોર્ડર સિક્યુરીટી, સિવીલ ડિફેન્સ, ગ્રામ રક્ષક દળ, જેલ, નશાબંધી - આબકારી, બિન નિવાસી ગુજરાતી પ્રભાગની સાંસદ-ધારાસભ્ય પરામર્શ સમિતિની મળેલી પરામર્શ સમિતિની બેઠકમાં મંત્રી જાડેજાએ તમામ ધારાસભ્યોના કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ સુદ્રઢ બનાવવા માટે કરાયેલા સૂચનોને આવકારતા કહ્યું હતું કે, રાજ્યની સુરક્ષાને વધુ સંગીન બનાવવા માટે આપે કરેલા સૂચનોનો હકારાત્મક અભિગમ થકી સત્વરે અમલ કરવામાં આવશે. તેમણે કહ્યું કે, કોરોનાના કાળમાં લોકડાઉન દરમ્યાન કોરોનાના સંક્રમણને અટકાવવા સારૂ વિકિટ પરિસ્થિતિમાં પણ પોલીસ કર્મીઓએ માનવીય અભિગમ દાખવીને લોકડાઉનના અમલીકરણનું જે કામ ઉપાડી લીધુ હતું તેના પરિણામે પોલીસની પરંપરાગત છબી અલગ રીતે ઉજાગર થઇ છે. લોકડાઉનના આ કાળ દરમ્યાન એન.આર.જી. વિભાગ દ્વારા પણ વિદેશમાં વસતા ૫૫,૦૦૦થી વધુ ગુજરાતીઓને વંદે ભારત મિશન હેઠળ કેન્દ્ર સરકારની મદદથી ગુજરાત પરત લાવવાની શ્રેષ્ઠ કામગીરી કરાઇ છે. એ જ રીતે આંતર રાજ્યના લાખો શ્રમિકોને પણ તેમના માદરે વતન મોકલવાની કામગીરી ખૂબ જ સુંદર રીતે રાજ્ય સરકારે કરી છે. એ જ રીતે રાજ્યની સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ સક્રિય રીતે સહયોગ આપેલ.

મંત્રી જાડેજાએ કહ્યું કે, ગુજરાતમાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સંગીન બનાવવા સારૂ, પોલીસ કર્મીઓનો વ્યાપ વધારવા અને પોલીસ સ્ટેશનોની સંખ્યામાં પણ વધારો કરવા માટે પણ અમારી સરકારે સઘન આયોજન કર્યું છે. છેલ્લા સાત વર્ષમાં ગુજરાતમાં ૪૯,૦૦૦થી વધુ પોલીસ કર્મીઓની ભરતી કરવામાં આવી છે. અને આગામી વર્ષે વધુ ૧૩,૦૦૦ કર્મીઓની ભરતી કરાશે. પોલીસ કર્મીઓને આધુનિક ટેક્નોલોજીથી સુસજ્જ કરી તેના ઉપયોગ કરવા માટે તાલીમ સહિતની સુવિધાઓ પણ રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે. તેમણે ઉમેર્યું કે, રાજ્યમાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ સુપેરે જળવાઇ રહે એ માટે પોલીસ તંત્ર અને ગૃહ વિભાગ એક ટીમ તરીકે કામ કરી રહી છે ત્યારે મેનપાવર, સ્કીલ અપગ્રેડેશન, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન અને ટેક્નોલોજીનો ઉપયોગ વધારવા પણ રાજ્ય સરકાર આગળ વધી રહી છે.

પાંચોટ ગામે અકસ્માતમાં ત્રણના મોત

મહેસાણા, તા. ૨૨

આજે વહેલી પરોઢના મહેસાણા નજીકના પાંચોટ ગામે એક મોટરકાર તળાવમાં ખાબકતાં એક મહિલા અને બે પુરૂષો મળી ત્રણ વ્યક્તિઓના કરૂણ મોત નિપજ્યા હતા. મૃતક ત્રણેય શિક્ષકો હતા. બનાવની વિગત એવી છે કે આજે વહેલી પરોઢે એક મહિલા શિક્ષક અને બે પુરૂષ શિક્ષકો મળી ત્રણ શિક્ષકો નોકરીના સ્થળે જવા માટે રાધનપુર રોડ પરથી મોટરકારમાં જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં મહેસાણા નજીક પાંચોટ ગામે કાર આગળ કૂતરૂ આવી જતાં કારચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર પાસેના તળાવમાં ખાબકી હતી. જેથી કારમાં સવાર ત્રણેય શિક્ષકોને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓના કરૂણ મોત નિપજ્યા હતા. આ ગોઝારી ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી ફેલાઈ ગઈ હતી. બનાવની જાણ થતાં મહેસાણા તાલુકા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને ક્રેનની મદદથી કારને બહાર કાઢી હતી તેમજ મૃતદેહોને પી.એમ. માટે મહેસાણા જનરલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. આ ગોઝારા અકસ્માતમાં વિપુલભાઈ બાબુભાઈ ચૌધરી રહે. બાસણા, તા. મહેસાણા, સ્મિતાબેન શ્યામસુંદર ચૌહાણ રહે. મહેસાણા તથા આનંદભાઈ પ્રવિણભાઈ શ્રીમાળી રહે. વિસનગરના કરૂણ મોત નિપજ્યા હતા. આ અંગે મહેસાણા તાલુકા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાંધેજા ફાટક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાગિરકોએ માંગણી કરી છે. ગાંધીનગર માણસા વચ્ચે અપડાઉન કર્તા નાગરિકોનો પણ સમય અને પૈસા વેડફાય છે. જયારે રાત્રિના સમયે વાહનચાલકો અકસ્માતનો ભોગ પણ બને છે. તંત્ર દ્વારા ત્વરિત આ માર્ગનુ રીપેરીંગ કરી આ વિસ્તારમાંથી પસાર થતા રોજના હજારો વાહનચાલકોને ટ્રાફિક જામની સમસ્યામાંથી મુક્તિ આપવી જોઇએ તેવી લાગણી અને માંગણી સ્થાનિકોએ વ્યકત કરી છે.

તળાવ ઉભરાયું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થતો હોવાનુ પણ ધ્યાને આવે છે. આ ઉપરાંત હાલ શિયાળાના દિવસોમાં પાણીના લીકેજની સમસ્યા વધી જાય છે. આવા સંજોગોમાં શહેરના સેકટરોમાં ઘણીવાર પાણીના ખાબોચિયા જોવા મળે છે. હાલ પણ નગરના ગ-૨ કોર્નર પાસે વારંવાર પાણીનુ તળાવ ભરાય છે. આ વિસ્તારમાં પાણી લીકેજીસની સમસ્યાના લીધે પાણીનો બગાડ થાય છે. શહેરના ગ-૨ કોર્નર પાસે વારંવાર પાણીના લીકેજીસની સમસ્યા ઉભી થાય છે. થોડા સમય અગાઉ પણ આ વિસ્તારમાં પાઇપલાઇનમાંથી પાણી ઉભરાયુ હતુ જયારે આજે પણ આ વિસ્તારાં ઉભરાતુ પાણી માર્ગ પર ફરી વળ્યુ હતુ. જેના લીધે આ ઠેકાણે કાદવ કિચ્ચડ વચ્ચે વાહનચાલકોએ પણ સાવધાની વર્તવાની જરૂર પડી હતી. શિયાળાના ઠંડીના દિવસો દરમિયાન આમ પણ પાણીની લાઇનમાં લીકેજીસની સમસ્યા વધી જાય છે. પરંતુ આ ઠેકાણે વારંવાર લાઇન લીક થતી હોવાના લીધે પાણીનો પુષ્કળ બગાડ થતા રહીશોમાં પણ રોષ પ્રવર્તયો છે.

વિજય સાથે એન્ટ્રી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સીટ પર આગળ છે. જ્યારે બીજેપી ૬૮ સીટ પર લીડ મેળવી રહી છે. કોંગ્રેસ ૨૩ સીટ પર આગળ છે. ઘાટીમાં બીજેપી માટે એક ખુશખબર એ છે કે ૩ સીટ પર તેનું ખાતું ખૂલ્યું છે.

જમ્મુ કાશ્મીર જિલ્લા વિકાસ પરિષદના પરિણામોમાં ગુપકાર ગઠબંધન આગળ ચાલી રહ્યુ છે પરંતુ બીજેપીએ મુસ્લિમ બહુવિસ્તાર કાશ્મીર ઘાટીમાં એક સીટ જીતીને એક રીતે તો રેકોર્ડ જ બનાવ્યો છે. નોંધનીય છે કે બીજેપી સામે ૭ દળોએ ગુપકાર ગઠબંધન બનાવીને એક સાથે ચૂંટણી લડી છે. ગુપકાર ગઠબંધનમાં નેશનલ કોન્ફરન્સ, પીડીપી, પીપલ્સ કોન્ફ્રેન્સ, આવામી નેશનલ કોન્ફ્રેન્સ, જમ્મુ એન્ડ કાશ્મીર પીપલ્સ મૂવમેન્ટ સાથે જ સીપીઆઈ અને સીપીએમનો સમાવેશ થાય છે.

ડોઝ લીધો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દ્વારા વિકસિત વેક્સિનનો પ્રથમ ડોઝ નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ જો બાઈડેનને આપ્યો. બાઈડેને જનતામાં આત્મવિશ્વાસ ઉજાગર કરવાના ઉદેશ્યથી કોરોના વેક્સિનનો ડોઝ લાઈવ ટિવી પર લીધો. તે દરમિયાન બાઈડેને કહ્યું, ચિંતાની કોઈ વાત નથી. વેક્સિન હવે ઉપલબ્ધ છે અને હું તમને બધાને વેક્સિન લેવાનો આગ્રહ કરું છું. અમેરિકામાં જાન્યુઆરીથી કોરોના વેક્સિન સામાન્ય લોકો માટે ઉપલબ્ધ થવાની સંભાવના છે. બાઈડેને આ સંબંધમાં એક ટ્વીટ પણ કર્યું છે. તેમણે લખ્યું છે કે, કોરોના મહામારીથી બચવા માટે વૈજ્ઞાનિકો અને સંશોધનકર્તાએ જે અથક પરિશ્રમ કર્યો છે. તેને અમે ક્યારે ભૂલીશું નહીં. અમે બધા માટે આભારી છે. રસિકરણને લાઈવ દેખાળ્યા બાદ તેમણે કહ્યું કે અમેરિકાના લોકોમાં વિશ્વાસ ઉજાગર કરવા માટે આ કરવામાં આવ્યું હતું. બાઈડેને કહ્યું કે, અમે જનતાને આ જણાવવા માંગીએ છે કે, વેક્સિન સંપૂર્ણ રીતે સુરક્ષિત છે અને હવે ડરવાની કોઈ વાત નથી.

ડરવાની જરૂર નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડબલ્યૂએચઓએ આ વાયરસને કોરોના વાયરસના હાલના સ્ટ્રેનથી ઘાતક માનવાનો ઈકાર કર્યો હતો. તેમણે બ્રિટનના આંકડાઓના માધ્યમથી કહ્યું કે, અમારી પાસે કોઈ જ સબૂત નથી કે આ વેરિયન્ટ કોરોના વાયરસના હાલના સ્ટ્રેનની સરખામણીમાં લોકોને વધારે બીમાર કરી રહ્યો છે કે વધારે ઘાતક છે. જોકે, આ સરળતાથી પ્રસરતો હોવાનું માનવામાં આવે છે.

બ્રિટનથી આવતી ફ્લાઈટ્સ પર પ્રતિબંધ લગાવવા અંગે માઈક રેયાને કહ્યું કે મુસાફરી પર અંકુશ લગાવનાર દેશના જોખમોનું આકલન કરતા સાવધાનીથી કામ કરી રહ્યાં છે. આ વિવેકપૂર્ણ નિર્ણય છે. જોકે, દરેક લોકો જાણે છે કે કોરોના વાયરસની અંદર આવેલી આ પરિવર્તન પ્રક્રિયા સામાન્ય છે. તેમણે એ પણ જણાવ્યું કે કોરોના વાયરસ મ્યૂટેશન અત્યાર સુધીમાં ઈન્ફ્લૂએન્ઝાની સરખામણીમાં ખૂબ જ ધીમી હતી અને ત્યાં સુધી કે બ્રિટનમાં મળેલો નવો સ્ટ્રેન પણ ગળામાં સોજો આવવો જેવી બીમારીઓની સરખામણીમાં ખૂબ જ ઓછો ફેલાઈ રહ્યો છે.

ડબલ્યુએચઓના મુખ્ય વૈજ્ઞાનિક સૌમ્યા સ્વામીનાથને કહ્યું કે અમે અનેક પરિવર્તન અને રિવર્સ પરિવર્તન જોયા છે. આ વર્તમાનમાં ઉપયોગમાં લેવાયેલા કોઈપણ ચિકિત્સીય, ડ્રગ્સ અથવા તો રસીકરણ માટે વાયરસની સંવેદનશીલતા પર કોઈ મહત્વપૂર્ણ અસર નથી પાડતો. આથી ટૂંક સમયમાં જ આ પણ ખતમ થઈ શકે છે. ડબલ્યુએચઓએ એ પણ કહ્યું કે, આશા છે કે વધારે સંક્રમણ ધરાવતા આ વાયરસની શક્ય અસરને લઈને થોડા દિવસો અથવા તો અઠવાડિયાઓમાં તસવીર સ્પષ્ટ થઈ શકે છે.

પાંચ પોઝિટિવ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આરટી-પીસીઆર ટેસ્ટની કામગીરી દરમિયાન આ પેસેન્જર્સ માટે ટર્મિનલના બિલ્ડિંગમાં ચા-નાસ્તાની સાથે બપોરના લંચની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

બ્રિટનથી ફ્લાઈટમાં આવેલા જે પેસેન્જરનો આરટી-પીસીઆર રિપોર્ટ પોઝિટિવ જણાશે તેમને સીધા હોસ્પિટલ ખસેડવામાં આવશે. જ્યારે જે પેસેન્જરનો રિપોર્ટ નેગેટિવ આવશે તેઓને ૭ દિવસ સુધી રાજ્ય સરકારના ડોક્ટર્સની દેખરેખ હેઠળ ઘરે હોમ ક્વોરન્ટિન રહેવું પડશે. આ કોરોના ટેસ્ટના પરિણામ બપોર બાદ આવે તેવી શક્યતા છે, માટે યુકેથી આવેલી ફ્લાઈટના આ મુસાફરોએ કલાકો સુધી રાહ જોવી પડશે.

પાર્ટી કરતાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રંધાવા અને બાદશાહની પણ ધરપકડ કરવામાં આવી હતી, જેમને જામીન મળી ચૂક્યા છે. આ દરોડામાં કુલ ૩૪ લોકોની ધરપકડ કરવામાં આવી, જેમાં ૭ હોટલ સ્ટાફ પણ સામેલ છે. રિપોર્ટ્સ મુજબ, રાત્રે લગભગ ત્રણ વાગ્યે મુંબઈ પોલીસે ડ્રેગન ફ્લાય પર દરોડા પાડ્યા. સૂત્રો મુજબ ક્લબમાં પા